એજન્ડા નં- ૧૬૮
તા- ૨૯/૧/૯૮

:: પ્રમુખ સ્થાનેથી રજુ ::

કામ નં.૩

મોજે-પાલનપોર,ભેંસાણ,પાલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ, ત્રણ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા અંગે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ હેઠળ, સદરહુ યોજનાઓના ઈરાદા પ્રસિધ્ધ કરવા બાબત.

ઠરાવ નં.૧૯૧૬

એજન્ડા નોંધમાં નિર્દિષ્ટ વિગતો બોર્ડ બેઠકમાં રજુ રાખવામાં આવેલ, મોજે-પાલનપોર,પાલનપોર-ભેંસાણ અને પાલ વિસ્તારની અનુક્રમે મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર ૮ પાલનપોર, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯ પાલનપોર-ભેંસાણ તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૦ પાલની હદો દર્શાવતા, મુખ્ય નગર નિયોજકશ્રીના પરામર્શમાં મંજુર થઈ આવેલ હદ-નકશા, તે વિસ્તારના હયાત જમીન વપરાશ નકશા તથા તે અંગેની વિગતવાર માહિતિ અને સમજ આપવામાં આવી, અને ઉકત વિગતોએ ચર્ચા કરી, સર્વાનુમતે ઠરાવ્યું કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ-૧ અન્વયે સરકારશ્રી ધ્વારા, રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત, ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજકશ્રી સાથે વિચાર વિનિમય કર્યા પછી ઠરાવે છે કે સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં (બોર્ડ બેઠકમાં રજુ કરેલ)પી-૬(ગુલાબી)રંગ થી દર્શાવેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિસ્તાર પૈકીના, પાલનપોર,વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮ (પાલનપોર), સુડા સુરત (હદો) સામેલ પરિશિષ્ટ 'અ' મુજબની રહે છે. પાલનપોર-ભેંસાણ માટે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯ (પાલનપોર-ભેંસાણ) સુડા સુરત (હદો) પરિશિષ્ટ 'બ' મુજબની રહેશે. તથા પાલ વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૦ (પાલ) સુડા સુરત (હદો) સામેલ પરિશિષ્ટ 'ક' મુજબની રહેશે. બનાવવાનો ઈરાદો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરે છે. અને ઉપરોકત જાહેર કરેલ ઈરાદાને કાયદાકીય પ્રસિધ્ધિ આપવા યોગ્ય, તજવીજ કરવા અને તેની જાણ તથા નકશાની નકલ ગુજરાત સરકારશ્રીને મોકલી આપવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રમાં તથા સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા અંગે આગળની કાર્યવાહી હાથ ધરવા, મુખ્ય કારોબારી અધિકારીશ્રી,સુરત શહેરી વિકાસ સત્તામંડળ,સુરતને અધિકૃત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

સર્વાનુમતે મંજુર.